# મા તુઝે સલામ...!

જીવન સરગમ

બિન્દુબેન કચરા

એક વ્યકિતએ હજરત મહંમદને કહ્યું- ''હું લડાઈમાં જવા તૈયાર છું.''

મહંમદ સાહેબે પૂછયું- ''તારી મા જીવે છે?'' વ્યકિતએ હા કહી.

મહંમદ સાહેબે બીજો સવાલ એને પૂછયો- ''તેનું ભરણપોષણ કરનાર બીજું કોઈ છે?''

પેલી વ્યકિતએ ના કહી.

મહંમદસાહેબે કહ્યું- ''તો જા, તારી માની સેવા કર, સાચું જન્નત માના ચરણોમાં છે.''

ધરતી પરનું સ્વર્ગ એટલે મા. હાલરડાંથી જીવન શિક્ષણનું કાર્ય શરૂ થાય છે અને એ અવિરત ચાલ્યા કરે છે, જીવનની સાચી અને સારી, પ્રથમ અને પ્રખર નિશાળ તો મા જ હોય છે. ત્યાગીને ભોગવવાની વાતનું સંપૂર્ણ પાલન તો મા જ કરે છે. 'મા તે મા બીજા બધા વોટ્સઅપના વા.'



પ્રસૂતિની વેદનાને એક બાજુ હડસેલીને જયારે માતા હસી પડે છે તે ઈશ્વરનો સૌથી મોટો ચમત્કાર છે. મા એટલે ચિત્કાર અને ચમત્કાર, મા એટલે જ પ્રેમ અને સમર્પણ. માનો પ્રેમ. અતલાન્ત હોય છે.

મમ્મી એટલે એવી વ્યકિત જે થપ્પડ મારીને જાતે જ રડે. મમ્મી એટલે બાળપણમાં પપ્પાના ગુસ્સા સામેની ઢાલ. મમ્મી એટલે એવી જાદુગરની જેની પાસે ઘરની બધી જ સમસ્યાનો ઉકેલ હોય. મમ્મી એટલે એવી વ્યકિત  જે મોડી રાત સુધી બધાની આવવાની રાહ જોતી હોય છે. મમ્મી એટલે આપણી સૌ પ્રથમ મિત્ર. મમ્મી એટલે બાળકની સલામતી ખાતર કદાચ પોતાના ખાવા વગેરેના શોખો પર નિયંત્રણ મૂકી એના સંસ્કારોની માવજત ખાતર પોતાની કેટલીય વૃત્તિપ્રવૃત્તિઓ પર પણ નિયંત્રણ રાખનારી પરમેશ્વરી.

મમ્મી એટલે જેના વાત્સલ્યના ધોધમાં જો ખુદ સૂરજ પણ પલળે તો એ પણ પોતાની ગરમી ભૂલી જાય તેવો અમૃત ભરેલો ઘડો. માતાની મમતાથી મોટું કોઈ મયૂરાસન જગતમાં નથી. અમૃત કુંભમાંથી સદાય અમૃત જ નીતરતું રહે છે. સાકરમાંથી સર્વથા મીઠાશ જ મળે છે તેમ જનની પાસેથી હંમેશાં વાત્સલ્ય જ મળતું હોય છે. માનું હૃદય 'પ્રેમ મંદિર' છે. મા હંમેશાં આપવાનું જ સમજતી હોય છે. માતા મમતાની દેવી છે. એવી જ એક મમતામયી માતાના દીકરા પ્રત્યેના પ્રેમની વાત જોઈએ.

અંજનાબેન અમર જોડે પરણીને આવ્યાં ત્યારે ખૂબ જ સુખ... સાતમા આસમાને વિચરી રહ્યાં હતાં. સ્મિતના જન્મ પછી તો જાણે એમને એમ જ લાગતું સ્વર્ગનું સામ્રાજય મારા ઘરે ઊતરી આવ્યું છે પરંતુ વિધાતાને કંઈક જુદું જ મંજૂર હતું. સ્મિત બે વર્ષનો હતો ને અમર એક અકસ્માતમાં મૃત્યુ પામ્યો. અંજના પર જાણે આભ તૂટી પડયું. એના જીવનમાંથી રસકસ ઊડી ગયા પણ માત્ર સ્મિતને ખાતર એણે જિંદગીને નવેસરથી જીવવાનું નક્કી કર્યું. ટયુશનો કરતાં, બીજા પણ અનેક કામ કરતાં. પેટે પાટા બાંધીને લાડકોડ સાથે એણે સ્મિતને ભણાવીગણાવી ડૉકટર બનાવ્યો. દીકરો સ્મિત પણ મમ્મીને ખૂબ જ માન આપતો ને દેવી સમાન ગણતો.



એ હંમેશાં કહેતો- ''બસ મારા લગ્ન થાય એટલી જ વાર છે. પછી તો મમ્મી તને રાણીસાહેબ જેવું સુખ આપીશ.'' આવા આજ્ઞાંકિત પુત્રને પામી એ પોતાની જાતને ધન્ય માનતી હતી. દીકરાની ખુશી એ જ એની ખુશી હતી.

એક દિવસ અંજનાએ સ્મિતને ચિંતાયુકત જોયો. ચારપાંચ દિવસ એમણે દીકરો ચિંતામાં રહે છે એવું માર્ક કર્યું. એમને થયું દીકરો મારાથી કંઈક છુપાવી રહ્યો છે.... પૂછયું- 'કંઈ નથી થયું.' એવો જવાબ મળ્યો. અચાનક જ અંજનાબેનને યાદ આવ્યું કે સ્મિત એની ડાયરીમાં દરરોજની રોજનિશિ લખતો હોય છે. તેથી યોગ્ય ન હોવા છતાં  માત્ર સ્મિતની ખુશી માટે એની ડાયરી ખોલી વાંચવાનું શરૂ કર્યું- આજે અમારી હોસ્પિટલના ડીનની પુત્રી શિવાંગી જે મારી સાથે જ ડૉકટર થઈ હતી એણે સામેથી પ્રેમનો પ્રસ્તાવ મૂકયો. શિવાંગીમાં રૂપ-ગુણ અને ઐશ્વર્યનો ત્રિવેણી સંગમ જોતાં મેં એના પ્રેમનો સહર્ષ સ્વીકાર કર્યો. મમ્મી આ બધા તારા જ આશીર્વાદ છે. બધું બરાબર નક્કી થયા પછી જ મમ્મીને સરપ્રાઈઝ આપીશ. પછીના કેટલાંય પાનાંમાં શિવાંગીના વખાણ હતા. પાંચ દિવસ પૂર્વે લખ્યું હતું- શિવાંગીએ આજે મને દ્વિધામાં મૂકી દીધો. વાત વાતમાં એણે કહી દીધું- ''સ્મિત- હું તને પ્રાણથી પણ વધુ ચાહું છું ને હું ઈચ્છું છું કે આપણા પ્રેમની વચ્ચે બીજું કોઈ ન આવે. તારા મમ્મી પ્રત્યેના લગાવની મને ખબર છે! આપણે તારા ઘરની નજદિકમાંજ એમને માટે સરસ ફલેટ લઈશું. આપણે અલગ રહીને પણ પૂરતું ધ્યાન આપીશું. હું મમ્મીને એટલું જ માન આપીશ. તને મંજૂર છે ને?''



મેં એક પળનો વિચાર કર્યા વગર કહી દીધું કે એ શકય નથી. આજે હું જે કંઈ પણ છું મમ્મીને લીધે જ છું- તેનાથી અલગ જીવવું મને કયારેય મંજૂર નહીં હોય. શિવાંગીએ કહયું- ''સ્મિત, ઉતાવળો ન થા, હું સાત દિવસ માટે અમદાવાદ જાઉં છું. હું આવું ત્યાં સુધીમાં વિચારી રાખજે- મને સમજવાની કોશિશ કરજે.''

બે દિવસ પૂર્વે લખ્યું હતું- મારે શિવાંગીને જવાબ આપવનો છે, શું કરું? એક બાજુ સરસ્વતી, લક્ષ્મીના પ્રેમપૂર્ણ સંગમમાં ઉજ્જવળ ભવિષ્ય છે. જયારે બીજી બાજુ મારી મા છે. ના... ના... હું મારી માતાને નહીં છોડું. માનો પ્રેમ પ્રથમ જ રહેશે. હું શિવાંગીને ના જ પાડી દઈશ.

અંજનાબેને ડાયરી બંધ કરી આંસુ લૂછયાં. મનમાં કંઈક નક્કી કરી દીધું- બેટાની ખુશીમાં મારી ખુશી. તે સાંજે સ્મિત સાથે જમતી વખતે કહ્યું- ''ગઈકાલે ઈશ્વરે મને સ્વપ્નામાં દર્શન આપી કહ્યું- હવે તારી જવાબદારી પૂર્ણ થઈ. હવે પ્રભુમય નથી બનવું? બેટા, મને પણ એમ થાય છે કે તું જલદીથી વહુ લઈ આવે તો હું તને ઘર સોંપીને ગામમાં જઈ મંદિરમાં સેવા આપું. પૂજા, પ્રાર્થના, ભકિતમાં જીવન વીતાવું. તું જલદીથી વહુ લઈ આવીશ ને?''

આ સાંભળતાં જ સ્મિતને મનમાં થયું કે ઈશ્વરે તેને માર્ગ બતાડી દીધો. મારી વ્હાલી મા તુજે સલામ છે. હવે શિવાંગીને પણ હા પાડી શકાશે અને માની ઈચ્છા પણ પૂરી થશે. માને પગે લાગતા સ્મિત બોલ્યો ''મા તારી ઈચ્છા પૂરી કરવી એ મારી ફરજ છે.''

કદાચ એ સમયે સ્મિતે મમ્મીની આંખમાં આંખ મિલાવીને જોયું હોત તો તેને ઈશ્વરનાં દર્શન થાત...!

પુત્ર સુખી થાય, પુત્રના જીવનમાં જરાય અવરોધ પોતાના થકી ન થાય તે માટે પોતે સુખની છાયામાંથી સહજતાથી ખસી ગઈ- આ છે 'મા'ની મમતા. જીવનનું સબરસ 'મા' છે. એનો ત્યાગ, એનું વાત્સલ્ય, એનું માધુર્ય એ તો સંતાનના જીવનની અણમોલ અને અદ્વિતીય મૂડી છે.

મા પોતાના માટે જીવતી જ નથી. થોડાં વર્ષો પિતાને, થોડા પતિને, બાકીનાં વર્ષો પુત્રને આપે છે.

એક વાર મા અને દીકરો નદી પાર કરી રહ્યાં હતાં ત્યારે માએ કહ્યું- ''બેટા, મારો હાથ પકડી લે.''

ત્યારે દીકરો કહે છે, ''ના મા તું મારો હાથ પકડ.''

મા કહે છે ''વાત તો એક જ થઈ ને, તું મારો હાથ પકડે કે હું તારો હાથ પકડું!''

ત્યારે દીકરો જવાબ આપે છે કે ''ના, બંને વાત અલગ છે. હું તારો હાથ પકડું અને નદીમાં પૂર આવે તો હું છોડી દઈશ પણ તેં મારો હાથ પકડયો હશે તો તું કદી નથી છોડવાની એની મને ખણખણતી ખાતરી છે- કારણ કે તું 'મા' છે...!''

તો વાચક મિત્રો! ઈશ્વરને બીજે કયાંય શોધવાની જરૂર નથી. માતાના ચહેરામાં જ તે છુપાયો છે. માતાપિતાની સેવામાં જ પૂજા-અર્ચના-સ્વર્ગ-પુણ્ય બધું જ સમાયેલું છે. 'મધર્સ ડે' નિમિત્તે દરેક માતાઓને કોટિ કોટિ વંદના.

## સુવર્ણરજ

આપણાં અસ્તિત્વનો પાયો માતા છે.
જાતના જોડા કરીને માતાને પહેરાવીએ તો ય
તેના ઋણમાંથી મુકત થવાય તેમ નથી. માતા જેવું
છત્ર અને છાંયડો બીજે કયાંય નથી.